આત્મનિર્ભર ભારત

ભાગ-2 : પરપ્રાંતીય મજૂરો અને ખેડૂતો સહિત ગરીબો

14.05.2020

सत्यमेव जयते

Government Of India

કોવિડ પછી ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને સીધું પ્રોત્સાહન

- રૂ. 4.22 લાખ કરોડની કૃષિ લોન ધરાવતા 3 કરોડ ખેડૂતોને 3 મહિનાના લોન મોરેટિરોયમ (ચુકવણીમાંથી ત્રણ મહિનાની માફી)નો લાભ આપ્યો
- 1 માર્ચથી બાકી નીકળતી પાક લોન પર વ્યાજમાં સહાયતા અને તાત્કાલિક પુનર્ચુકવણીમાં પ્રોત્સાહન, 31 મે, 2020 સુધી લંબાવવામાં આવ્યું
- રૂ. 25,000 કરોડની લોન મર્યાદા સાથે 25 લાખ નવા કિસાન ક્રેડિટ કાર્ડ મંજૂર કરવામાં આવ્યાં

કોવિડ પછી ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને નાણાકીય પ્રવાહિતતાનો ટેકો આપવામાં આવ્યો

- 1.3.2020થી 30.04.2020 વચ્ચે રૂ. 86,600 કરોડની 63 લાખ લોન મંજૂર કરવામાં આવી.
- માર્ચ, 2020માં સહકારી બેંકો અને પ્રાદેશિક ગ્રામીણ બેંકોને ધિરાણ કરવામાં મદદરૂપ થવા નાબાર્ડ દ્વારા રૂ. 29,500 કરોડનાં પુનર્ધિરાણ સ્વરૂપે મદદ પૂરી પાડવામાં આવી
- ગ્રામીણ માળખાગત સુવિધા માટે માર્ચ, 2020 દરમિયાન રાજ્યોને ગ્રામીણ માળખાગત વિકાસ ભંડોળ અંતર્ગત રૂ. 4,200 કરોડનો ટેકો પ્રદાન કરવામાં આવ્યો
- માર્ચ, 2020 પછી અત્યાર સુધી રાજ્ય સરકારોની સંસ્થાઓને કૃષિ ઉત્પાદનોની ખરીદી કરવા માટે રૂ. 6,700 કરોડની કાર્યકારી મૂડી મર્યાદા મંજૂર કરવામાં આવી

છેલ્લાં 2 મહિના દરમિયાન પરપ્રાંતીયો અને શહેરી ગરીબોને ટેકો

- ભારત સરકારે રાજ્ય સરકારોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસડીઆરએફ – રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળ)નો ઉપયોગ પરપ્રાંતીય મજૂરો માટે આશ્રય ઊભા કરવા અને તેમને ભોજન અને પાણી વગેરે સુવિધાઓ પૂરી પાડવા માટે કરવાની છૂટ આપી.
- કેન્દ્ર સરકારે તમામ રાજ્યોને તેમના એસડીઆરએફમાં ફંડ વધારવા 3 એપ્રિલનાં રોજ અગાઉથી રૂ. 11002 કરોડની ચુકવણી પણ કરી દીધી.
- 28 માર્ચ, 2020થી લોકડાઉન દરમિયાન શહેરી બેઘર લોકો માટેના આશ્રયસ્થાનો (એસયુએચ)માં રહેતા લોકોને દિવસમાં ત્રણ વાર ભોજન આપવામાં આવે છે.
- 12,000 એસએચજી (સ્વયંસહાય જૂથો)એ 3 કરોડ માસ્ક અને 1.20 લાખ લિટર સેનિટાઇઝર્સ બનાવ્યું છે. એનાથી શહેરી ગરીબો માટે રોજગારીની વધારાની તક ઊભી થઈ હતી.
- સ્વયંસહાય જૂથો વચ્ચે રિવોલ્વિંગ ફંડ (આરએફ) વહેંચવા એપ્રિલ, 2020માં પૈસા પોર્ટલ પર ગુજરાતમાં પ્રાયોગિક ધોરણે લેવામાં આવ્યાં હતાં અને હવે મે, 2020થી તમામ રાજ્યોમાં આ પોર્ટલ પર આ જૂથોને લેવામાં આવી રહ્યાં છે.
- 15 માર્ચ, 2020થી અત્યાર સુધીના સમયગાળા દરમિયાન શહેરી ગરીબોના 7,200 નવા સ્વયંસહાય જૂથોની રચના થઈ છે.

પરત ફરેલા પરપ્રાંતીય મજૂરોને મનરેગાનો ટેકો

- 13 મે, 2020 સુધી 14.62 કરોડ વ્યક્તિ-દિવસની રોજગારી ઊભી કરવામાં આવી કે કામ થયું
- અત્યાર સુધી વાસ્તવિક ખર્ચ આશરે રૂ. 10,000 કરોડ થયો
- ગઇકાલે 1.87 લાખ ગ્રામપંચાયતોમાં કામ ઇચ્છતાં 2.33 કરોડ લોકોને કામ આપવામાં આવ્યું
- ગયા વર્ષે મે મહિનાની સરખામણીમાં 40થી 50 ટકા વધારે વ્યક્તિઓની નોંધણી થઈ
- સરેરાશ દૈનિક મજૂરીનો દર વધારીને રૂ. 202 કરવામાં આવ્યો, જે ગયા નાણાકીય વર્ષમાં રૂ. 182 હતો
- પરત ફરેલા પરપ્રાંતીય મજૂરોની નોંધણી કરવા અભિયાન હાથ ધરવામાં આવ્યું
- કાયદાની જોગવાઈ મુજબ, રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને પરપ્રાંતીય મજૂરોને કામ આપવાની સલાહ આપવામાં આવી છે
- ચોમાસામાં પણ મનરેગાનું કામ ચાલુ રાખવાનું આયોજનઃ વાવેતર, બાગાયતી, પશુધન માટે શેડ બનાવવા

શ્રમ સંહિતા – કામદારો માટે લાભ

- અસંગઠિત ક્ષેત્રનાં કામદારો સહિત તમામ કામદારોને લઘુતમ વેતન અને સમયસર ચુકવણી કરવાના સાર્વત્રિક અધિકાર – અત્યારે લઘુતમ વેતનનો કાયદો ફક્ત 30 ટકા કામદારોને લાગુ પડે છે
- રાષ્ટ્રીય મૂળભૂત વેતનની કાયદેસર વિભાવના પ્રસ્તુત થઈઃ લઘુતમ વેતનમાં પ્રાદેશિક અસમાનતામાં ઘટાડો થશે.
- લઘુતમ વેતનને નિર્ધારિત કરવાની પ્રક્રિયા સરળ થઈ, જે લઘુતમ વેતનના દરની સંખ્યામાં ઘટાડા અને વધારે સારી રીતે એનું પાલન કરવા તરફ દોરી જશે.
- તમામ કામદારો માટે નિમણૂકનો પત્ર – આ ઔપચારીકરણને પ્રોત્સાહન આપશે.
- કર્મચારીઓ માટે વાર્ષિક હેલ્થ ચેક-અપ.
- વ્યાવસાયિક સલામતી અને સલામતી (ઓએસએચ) આચારસંહિતા 10થી ઓછા કામદારો ધરાવતી કંપનીઓમાં પણ નુકસાનકારક હોય એવા કામમાં સંકળાયેલા લોકોને લાગુ કરવામાં આવી.

શ્રમ સંહિતા – કામદારો માટે ફાયદા

- આંતરરાજ્ય પરપ્રાંતિય કામદારોની પરિભાષા બદલવામાં આવી, જેથીકંપની દ્વારા સીધા ભરતી કરવામાં આવેલા પરપ્રાંતિય કામદારો, પોતાના રાજ્યમાં સીધા પરત ફરેલા કામદારો તેમજ કોન્ટ્રાક્ટર દ્વારા નોકરીમાં રાખવામાં આવેલા પરપ્રાંતિય કામદારો સામેલ કરી શકાય.
- પરપ્રાંતિય કામદારો માટે કલ્યાણકારક લાભની પોર્ટેબિલિટી.
- ભારતમાં અધિસૂચિત જિલ્લાઓ/વિસ્તારોને બદલે 10 કે વધારે કર્મચારીઓને રોજગારી આપતી તમામ કંપનીઓ અને તમામ જિલ્લાઓમાં ઇએસઆઇસીનું કવચ આપવામાં આવ્યું.
- 10થી ઓછા કર્મચારીઓ ધરાવતી કંપનીઓમાં સ્વૈચ્છિક ધોરણે કામ કરતાં લોકોને પણ ઇએસઆઇસી કવચનો લાભ આપવામાં આવ્યો.
- 10થી ઓછા કર્મચારીઓ ધરાવતી, પણ સ્વાસ્થ્ય માટે જોખમકારક ઉદ્યોગોમાં કાર્યરત કર્મચારીઓ માટે કેન્દ્ર સરકારે અધિસૂચના દ્વારા ઇએસઆઇસીનું કવચ ફરજિયાત બનાવવામાં આવ્યું.

શ્રમ સંહિતા – કામદારો માટે લાભ

- ક્રેન કે ગિગ કામદારો અને પ્લેટફોર્મ કામદારો માટે સામાજિક સુરક્ષા યોજના
- સેવાનિવૃત્ત કર્મચારીઓ માટે પુનઃકૌશલ્ય આપવા માટેનું ફંડ પ્રસ્તુત કરવામાં આવ્યું
- તમામ વ્યવસાયમાં મહિલાઓને છૂટ આપવામાં આવી અને સલામતી સાથે રાત્રે કામ કરવાની મંજૂરી આપવામાં આવી
- અસંગઠિત કામદારો માટે સામાજિક સુરક્ષા ભંડોળ માટેની જોગવાઈ
- નિશ્ચિત મુદ્દતની રોજગારી માટે ગ્રેચ્યુઇટી – 5 વર્ષને બદલે 1 વર્ષની સર્વિસ પૂર્ણ થતા ગ્રેચ્યુઇટીની જોગવાઈ.

ગઈકાલે જાહેર થયેલા પગલાં

નાણાં મંત્રીએ ગઇકાલે વેપારવાણિજ્ય માટે અને ખાસ કરીને એમએસએમઈ માટે અનેક પગલાં જાહેર કર્યા હતા. આ પગલાંથી તમામ વ્યવસાયોને મદદ મળશે, જે તમારી સમજણ માટે ફરી રજૂ કરવામાં આવ્યાં છેઃ

- એમએસએમઈ સહિત તમામ વ્યવસાયો માટે રૂ. 3 લાખ કરોડનું તાત્કાલિક કાર્યકારી મૂડીની સુવિધા
- રૂ. 200 કરોડ સુધીના સરકારી ટેન્ડર્સ માટે આંતરરાષ્ટ્રીય ટેન્ડર્સને મંજૂરી નહીં
- જૂન, જુલાઈ અને ઓગસ્ટ, 2020 એમ વધુ 3 મહિનાના પગાર માટે વ્યવસાય અને સંગઠિત કામદારો માટે ઇપીએફનો ટેકો લંબાવવામાં આવ્યો – જેનાથી એમએસએમઈ અને અન્ય વ્યવસાયોમાં કામદારો માટે નાણાકીય પ્રવાહિતતા પ્રદાન ઊભી થશે
- કંપનીઓ અને કર્મચારીઓ માટે 3 મહિના માટે ઇપીએફ પ્રદાન ઘટ્યું – આગામી 3 મહિના માટે પીએમજીકેપી અંતર્ગત સરકારી સહાય ન મેળવતા કામદારો માટે આગામી 3 મહિના માટે તમામ કંપનીઓ માટે ઇપીએફનું પ્રદાન 12 ટકાથી ઘટીને 10 ટકા – એનાથી મધ્યમ વર્ગનાં કર્મચારીઓને પણ મદદ મળશે - જેનાથી એમએસએમઈ અને અન્ય વ્યવસાયોમાં કામદારો માટે નાણાકીય પ્રવાહિતતા પ્રદાન ઊભી થશે
- ઇપીસી અને કન્સેશન સમજૂતીઓના સંબંધમાં કરારની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે કોન્ટ્રાક્ટર્સને છ મહિનાનો વધારે સમય આપવામાં આવ્યો
- ચેરિટેબલ ટ્રસ્ટો અને નોન-કોર્પોરેટ વ્યવસાયો તથા વ્યાવસાયિકોને આવકવેરાના રિફંડ સ્વરૂપે કરવેરામાં તાત્કાલિક રાહત આપવામાં આવશે
- નાણાકીય વર્ષ 2020-21ના બાકીના ગાળા માટે "ટેક્ષ ડિડક્શન એટ સોર્સ" અને "ટેક્ષ કલેક્ટેડ એટ સોર્સ"ના દરમાં 25 ટકા સુધીનો ઘટાડો કરવામાં આવ્યો તથા કરવેરા સાથે સંબંધિત વિવિધ નિયમોના પાલન માટેની તારીખ લંબાવવામાં આવી – એનાથી તમામ વ્યવસાયોને લાભ થશે

सत्यमेव जयते
Goverment Of India

પરપ્રાંતિય મજૂરો અને ખેડૂતો સહિત ગરીબો

2 મહિના માટે પરપ્રાંતીયોને અનાજનો નિઃશુલ્ક પુરવઠો

- વિવિધ રાજ્યોમાં પરપ્રાંતિયોને ખાદ્ય સામગ્રીની સહાયની જરૂર છે
- જે પરપ્રાંતિય મજૂરો એનએફએસએ નથી કે જે રાજ્યોમાં છે એ રાજ્યોમાં કાર્ડના લાભાર્થીઓ નથી એમને બે મહિના માટે દર મહિને વ્યક્તિદીઠ 5 કિલોગ્રામ અનાજ અને 1 કિલોગ્રામ ચણા આપવામાં આવશે
- એનાથી 8 કરોડ પરપ્રાંતીયોને લાભ થશે એવી અપેક્ષા છે.
- 2 મહિના માટે આ પગલાં પર રૂ. 3500 કરોડનો ખર્ચ થશે
- એનો ખર્ચ સંપૂર્ણપણે ભારત સરકાર ઉઠાવશે
- એના અમલીકરણ, પરપ્રાંતીયોની ઓળખ અને સંપૂર્ણ વિતરણ માટે રાજ્ય સરકારો જવાબદાર હશે તથા વિગતવાર માર્ગદર્શિકા પૂરી પાડશે.

માર્ચ, 2021 સુધીમાં ભારતમાં વાજબી કિંમતની કોઈ પણ દુકાનમાંથી સરકારી વિતરણ વ્યવસ્થા (રાશન)નો લાભ મેળવવા પરપ્રાંતિયોને સક્ષમ બનાવવા ટેકનોલોજી સિસ્ટમનો ઉપયોગ થશે – વન નેશન, વન રેશન કાર્ડ

- પરપ્રાંતિય મૂજરો અન્ય રાજ્યોમાં ખાદ્ય સામગ્રી મેળવી શકતા નથી.
- આ યોજના પરપ્રાંતિય લાભાર્થીઓને દેશમાં વાજબી કિંમતની કોઈ પણ દુકાનમાંથી સરકારી વિતરણ વ્યવસ્થાનો લાભ મેળવવા સક્ષમ બનાવશે (20 રાજ્યોમાં આંતરરાજ્ય પોર્ટેબિલિટી પ્રસ્તુત કરવામાં આવી છે)
- પ્રધાનમંત્રીની ટેકનોલોજી સંચાલિત સિસ્ટમમાં સુધારા કરવાના ભાગરૂપે
- 23 રાજ્યોમાં 67 કરોડ લાભાર્થીઓ પીડીએસના 83 ટકા હિસ્સાને આવરી લેશે, જેમને ઓગસ્ટ, 2020 સુધીમાં રાષ્ટ્રીય પોર્ટબેલિટી દ્વારા આવરી લેવામાં આવશે
- માર્ચ, 2021 સુધીમાં 100 ટકા રાષ્ટ્રીય પોર્ટેબિલિટી હાંસલ કરવામાં આવશે
- તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માર્ચ, 2021 સુધીમાં વાજબી કિંમતની દુકાનો (એફપીએસ)નું સંપૂર્ણ ઓટેમેશન પૂર્ણ થશે.

પરપ્રાંતિય કામદારો/શહેરી ગરીબો માટે વાજબી ભાડાનાં દર રહેણાક સંકુલો (એઆરએચસી)

પરપ્રાંતિય મજૂરો/શહેરી ગરીબો વાજબી ભાડાનાં દરે મકાનો મેળવવાની સમસ્યાનો સામનો કરે છે.

સરકાર પરપ્રાંતિય મજૂરો/શહેરી ગરીબોને વાજબી ભાડાનાં દરે રહેવાની સુવિધા સરળતાપૂર્વક પૂરી પાડવા પીએમએવાય હેઠળ એક યોજના શરૂ કરશે, જે માટે

i. વિશેષાધિકાર દ્વારા સરકારી-ખાનગી ભાગીદારી પદ્ધતિ અંતર્ગત શહેરોમાં સરકારી ફંડના રહેણાક સંકુલોને વાજબી ભાડાનાં દર ધરાવતા રહેણાક સંકુલો (એઆરએચસી)માં પરિવર્તિત કરવામાં આવશે;

ii. ઉત્પાદન એકમો, ઉદ્યોગો, સંસ્થાઓ, સંગઠનોને તેમની ખાનગી જમીન પર વાજબી ભાડાનાં દર ધરાવતા રહેણાક સંકુલો (એઆરએચસી) વિકસાવવા અને એનું સંચાલન કરવા પ્રોત્સાહન આપવામાં આવશે; અને

iii. એ જ રીતે રાજ્ય સરકારની સંસ્થાઓ / કેન્દ્ર સરકારની સંસ્થાઓને વાજબી ભાડાનાં દર ધરાવતા રહેણાક સંકુલો (એઆરએચસી) વિકસાવવા અને એનું સંચાલન કરવા પ્રોત્સાહન આપવામાં આવશે.

મંત્રાલય આ સંબંધમાં વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરશે.

મુદ્રા –શિશુ લોનધારકોને વ્યાજમાં રૂ. 1500 કરોડની સહાય

- મુદ્રા અંતર્ગત નાનાં વ્યવસાયોને સૌથી વધુ અસર થઈ છે અને તેમની સરળ માસિક હપ્તા (ઇએમઆઇ)ની ચુકવણીની ક્ષમતાને પણ અસર થઈ છે
- આરબીઆઈએ લોન મોરેટોરિયમની સુવિધા આપવામાં આવી
- મુદ્રા – શિશુ લોનનો હાલનો પોર્ટફોલિયો રૂ. 1.62 લાખ કરોડ (લોનની મહત્તમ રકમ રૂ. 50,000 છે)
- ભારત સરકાર 12 મહિનાનાં ગાળા માટે ત્વરિત ચુકવણી માટે વ્યાજમાં 2 ટકાની સહાય પ્રદાન કરશે.
- મુદ્રા – શિશુ લોનધારકોને રૂ. 1500 કરોડની રાહત

સ્ટ્રીટ વેન્ડર્સ માટે રૂ. 5000 કરોડના વિશેષ ધિરાણની સુવિધા

- કોવિડ-19ને કારણે સ્ટ્રીટ વેન્ડર્સની આજીવિકા પર માઠી અસર થઈ છે
- સરકાર સ્ટ્રીટ વેન્ડર્સને સરળતાપૂર્વક ધિરાણ આપવા એક મહિનાની અંદર વિશેષ યોજના શરૂ કરશે.
- પ્રારંભિક કાર્યકારી મૂડી રૂ. 10,000 સુધી આપવામાં આવશે.
- ડિજિટલ ચુકવણીને નાણાકીય લાભ સાથે પ્રોત્સાહન આપવામાં આવશે અને પુનઃચુકવણીનો સારો રેકોર્ડ ધરાવતા લોકો માટે સંવર્ધિત કાર્યકારી મૂડી ધિરાણ ઉપલબ્ધ કરાવવામાં આવશે
- આશરે 50 લાખ સ્ટ્રીટ વેન્ડર્સને ટેકો મળશે
- રૂ. 5000 કરોડની નાણાકીય પ્રવાહિતતા ઊભી થશે

સીએલએસએસને લંબાવીને હાઉસિંગ ક્ષેત્ર અને મધ્યમ આવક ધરાવતા જૂથને ને રૂ. 70,000 કરોડનું પ્રોત્સાહન

- મધ્યમ આવક ધરાવતા જૂથ (વાર્ષિક આવકઃ રૂ. 6 લાખથી રૂ. 18 લાખ) માટે ક્રેડિટ લિન્ક્ડ સબસિડી સ્કીમ (સીએલએસએસ) મે, 2017થી કાર્યરત થઈ હતી.
- સીએલએસએસ 31 માર્ચ, 2020 સુધી લંબાવવામાં આવી હતી.
- અત્યાર સુધી આ યોજનાનો લાભ 3.3 લાખ મધ્યમ વર્ગીય કુટુંબને મળ્યો છે.
- સરકાર માર્ચ, 2021 સુધી સીએલએસએસ યોજનાને લંબાવશે.
- નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન મધ્યમ આવક ધરાવતા 2.5 લાખ કુટુંબોને લાભ મળશે.
- હાઉસિંગમાં રૂ. 70,000 કરોડથી વધારાનાં રોકાણ તરફ દોરી જશે
- રોજગારીનું સર્જન કરશે
- સ્ટીલ, સિમેન્ટ, પરિવહન અને નિર્માણ સંબંધિત અન્ય સામગ્રીઓની માગને પ્રોત્સાહન આપશે.

કેમ્પા ફંડનો ઉપયોગ કરીને રૂ. 6000 કરોડની રોજગારીનું સર્જન

- આપણા નાગરિકો માટે રોજગારીનું સર્જન કરવાની તકો ઊભી કરવાની જરૂર પડશે.
- કોમ્પેન્સેટરી એફોરેસ્ટેશન મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી (કેમ્પા) ફંડની રચના વનીકરણ વળતર ભંડોળ ધારા, 2016 અંતર્ગત થશે
- રૂ. 6,000 કરોડની યોજનાઓને ટૂંક સમયમાં મંજૂરી આપવામાં આવશે.
- ફંડનો ઉપયોગ રાજ્ય સરકારો નીચેની બાબતો માટે કરશે -
  - શહેરી વિસ્તારો સહિત વનીકરણ અને વૃક્ષારોપણનું કામ
  - કુદરતી પુનઃઉત્પાદન પ્રક્રિયામાં સહાયક કૃત્રિમ પુનઃઉત્પાદન
  - વન વ્યવસ્થાપન, જમીન અને ભેજ જાળવવાનું કામ
  - વન સંરક્ષણ, વન અને વન્યજીવ સાથે સંબંધિત માળખાગત વિકાસ, વન્યજીવ સંરક્ષણ અને વ્યવસ્થાપન વગેરે
- શહેરી, અર્ધશહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકોનું સર્જન થશે.
- આદિવાસીઓ માટે રોજગારીની તકોનું સર્જન થશે

નાબાર્ડ મારફતે ખેડૂતો માટે રૂ. 30,000 કરોડનું વધારાનું તાત્કાલિક કાર્યકારી મૂડી ભંડોળ ઊભું કરવામાં આવશે

- નાના અને સીમાંત ખેડૂતો પાસે અપર્યાપ્ત નાણાકીય સંસાધનો છે
- આરઆરબી અને ગ્રામીણ સહકારી બેંકો ધિરાણના મુખ્ય સ્રોત છે
- નાબાર્ડ ગ્રામીણ સહકારી બેંકો અને આરઆરબીની રૂ. 30,000 કરોડની પાક લોન જરૂરિયાત માટે રૂ. 30,000 કરોડનો વધારાનો પુનઃધિરાણ ટેકો આપશે.
- ચાલુ વર્ષ દરમિયાન આ ભંડોળ સાધારણ પુનઃધિરાણ માધ્યમ દ્વારા નાબાર્ડ મારફતે પ્રદાન કરવામાં આવેલા રૂ. 90,0000 કરોડના ભંડોળ ઉપરાંતનું છે.
- અગાઉથી જરૂરિયાત આધારિત સુવિધાઃ 33 રાજ્ય સહકારી બેંકો, 351 જિલ્લા સહકારી બેંકો અને 43 આરઆરબીને તેમના ધિરાણને આધારે જરૂરિયાત મુજબ આ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.
- આનો લાભ આશરે 3 કરોડ ખેડૂતોને થશે – જેમાંથી મોટા ભાગનાં નાનાં અને સીમાંત ખેડૂતો છે.
- આ મે/જૂનમાં લણણી પછી (રવિ) અને હાલ ખરીફની જરૂરિયાતો પૂર્ણ કરશે.

કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા 2.5 કરોડ ખેડૂતોને લાભદાયક કે છૂટછાટના દરે રૂ. 2 લાખ કરોડનું ધિરાણ

- કિસાન ક્રેડિટ કાર્ડ દ્વારા પીએમ-કિસાન લાભાર્થીઓને છૂટછાટના દરે ધિરાણ પ્રદાન કરવા વિશેષ અભિયાન હાથ ધરવામાં આવશે
- આ અભિયાનમાં માછીમારો અને પશુપાલક ખેડૂતોને પણ સામેલ કરવામાં આવશે.
- પરિણામે આ પ્રકારનાં ખેડૂતોને છૂટછાટનાં વ્યાજદરે સંસ્થાગત ધિરાણ મેળવી શકશે.
- 2.5 કરોડ ખેડૂતોને આવરી લેવામાં આવશે અને તેમને આશરે 2 લાખ કરોડના ધિરાણના પ્રવાહનો લાભ મળશે

सत्यमेव जयते
Goverment Of India

આભાર